Gujarati

# જો તમે પેન્શનર હો તો તમારું ભાડું અને કાઉન્સિલ ટેક્સ ચૂકવવામાં મદદ

**(Help with paying your rent and Council Tax if you are a pensioner)**

આ પત્રિકા અમે પેન્શનરો માટે તૈયાર કરી છે. આ પત્રિકામાં, પેન્શનર એટલે **60** વર્ષ કે તેથી વધારે ઉંમરની કોઈ પણ વ્યક્તિ. આ નિયમો રાષ્ટ્રિય છે અને તમે ગમે તે વિસ્તારમાં રહેતાં હો તે સરખા જ હોય છે. (જો તમે **60** વર્ષથી ઓછી ઉંમરનાં હો, તો કૃપા કરીને ‘કામ કરવાની ઉંમરનાં લોકો માટે ભાડાં અને કાઉન્સિલ ટેક્સમાં મદદ’ નામની પત્રિકા વાંચો). તમે રહો છો તે વિસ્તાર કઈ કાઉન્સિલમાં આવે છે તેની તમને ખબર ન હોય, તો તે તમે તમારા કાઉન્સિલ ટેક્સના બિલ પરથી જાણી શકશો.

સુધારો એપ્રિલ **2010**

## હાઉસિંગ બેનિફિટ એટલે શું?

ઘરનું ભાડું ભરવામાં ઘણી વાર મુશ્કેલી પડે છે. ઓછી આવકવાળાં લોકોને તેમનું ભાડું ચૂકવવામાં મદદ મળી શકે છે. કૃપા કરીને આ પત્રિકામાં આપેલા ગ્રાફ તપાસી જુઓ જેમાં સંભવિત હકપાત્રતાનાં ઉદાહરણો આપેલાં છે.

## કાઉન્સિલ ટેક્સ બેનિફિટ એટલે શું?

ઓછી આવકવાળાં લોકોને તેમનું કાઉન્સિલ ટેક્સનું બિલ ચૂકવવામાં પણ મદદ મળી શકે છે.

## સેકન્ડ એડલ્ટ રીબેટ એટલે શું?

સેકન્ડ એડલ્ટ રીબેટ એવાં લોકો માટે છે જેમને તેમનું કાઉન્સિલ ટેક્સ બિલ ચૂકવવામાં મદદ મળી શકતી નથી, પરંતુ તેમની સાથે બીજાં લોકો રહેતાં હોય જેમની આવક ઓછી હોય છે. તે મેળવવા માટે, તમારા ઘર માટે કાઉન્સિલ ટેક્સ ચૂકવવા જવાબદાર વ્યક્તિ તમે પોતે હોવાં જ જોઈએ.

## બીજી કોઈ રીતે કાઉન્સિલ ટેક્સનાં બિલો ઘટાડી શકાય છે?

હા. કાઉન્સિલ ટેક્સ બેનિફિટ અને સેકન્ડ એડલ્ટ રીબેટ ઉપરાંત, કાઉન્સિલ ટેક્સનાં બિલો આ રીતે ઘટાડી શકાય છેઃ

- કાઉન્સિલ ટેક્સ ડિસ્કાઉન્ટો (વળતરો);
- કાઉન્સિલ ટેક્સ એક્ઝેમ્પશનો (મુક્તિઓ); અને
- અસમર્થતાવાળાં લોકો માટે કાઉન્સિલ ટેક્સ રીડક્શનો (ઘટાડા).

## કાઉન્સિલ ટેક્સ ડિસ્કાઉન્ટ (વળતર) એટલે શું?

જો મકાનમાં રહેનારી પુખ્ત વયની વ્યક્તિ તમે એકલાં જ હો તો તમને 25% ડિસ્કાઉન્ટ મળી શકે છે. ડિસ્કાઉન્ટ આપવા માટે ઘરમાં કેટલાં રહેવાસીઓ રહે છે તેમની ગણતરી કરતી વેળાએ અમે અમુક પુખ્ત વયનાં લોકોને ગણતરીમાં લેતાં નથી.
આમાં નીચેનાં લોકોનો સમાવેશ થાય છેઃ

- ફૂલ ટાઈમ વિદ્યાર્થીઓ;
- 'ગંભીર માનસિક નબળાઈવાળાં' લોકો;
- કેરરો (બીજાંની સંભાળ રાખનારાં લોકો);
- 19 અને 20 વર્ષનાં કેટલાંક લોકો જેમના માટે તમને ચાઈલ્ડ બેનિફિટ મળતો હોય; અને
- જેલમાં રહેલાં લોકો.

## કાઉન્સિલ ટેક્સ એક્ઝેમ્પશનો (મુક્તિઓ) એટલે શું?

જ્યારે કોઈ મકાન ખાલી હોય છે ત્યારે તેને અમુક સમય માટે કાઉન્સિલ ટેક્સમાંથી 'મુક્તિ' આપવામાં આવી શકે. આનો અર્થ એ થયો કે તે મકાન માટે કાઉન્સિલ ટેક્સ ચૂકવવા માટે કોઈ જવાબદાર હોતું નથી. તે ઉપરાંત, અમુક મકાનોમાં લોકો રહેતાં હોવાં છતાંયે તેમને મુક્તિ આપવામાં આવી શકે, દાખલા તરીકે તેમાં રહેતાં બધાં જ વિદ્યાર્થીઓ ફૂલ ટાઈમ વિદ્યાર્થીઓ હોય.

## અસમર્થતાવાળાં લોકો માટે કાઉન્સિલ ટેક્સમાં રીડક્શનો (ઘટાડા) એટલે શું?

જો ઘરમાં રહેતી કોઈ અસમર્થ વ્યક્તિએ ઘરની અંદર વ્હીલચેરનો ઉપયોગ કરવો પડતો હોય અથવા તેમની જરૂરતો માટે એક વધારાનો રૂમ આપવાનો જરૂરી હોય, તો તેમને કાઉન્સિલ ટેક્સના બિલમાં ઘટાડો મળી શકે.

## મારે કાઉન્સિલ ટેક્સ ડિસ્કાઉન્ટ, એક્ઝેમ્પશન કે રીડક્શનનો ક્લેઈમ કેવી રીતે કરવો?

તમારા કાઉન્સિલ ટેક્સ બિલમાં આમાંથી કોઈ ઘટાડો મેળવવા માટે તમારે એક ક્લેઈમ ફોર્મ ભરવાનું રહેશે. તમારી સ્થાનિક કાઉન્સિલ ઓફિસનો સંપર્ક કરો.

## પેન્શન ક્રેડિટ એટલે શું?

પેન્શન ક્રેડિટ એ પેન્શન સર્વિસ દ્વારા ઓછી આવકવાળાં, અથવા જેમની પાસે બહુ ઓછી બચત અથવા અંગત પેન્શન (અથવા બંને) હોય તેવાં લોકોને કરવામાં આવતી ચૂકવણી છે. 60 વર્ષ કે તેથી વધારે ઉંમરની કોઈ પણ વ્યક્તિ પેન્શન ક્રેડિટ માટે અરજી કરી શકે છે.

પેન્શન ક્રેડિટ બે પ્રકારની હોય છે - ગેરંટી ક્રેડિટ અને સેવિંગ્સ ક્રેડિટ. જો તમે 60થી 64 વર્ષની ઉંમરનાં હો અને પેન્શન ક્રેડિટ મેળવવા માટે હકદાર હો, તો તમને ગેરંટી ક્રેડિટ મળશે. જો તમે 65 વર્ષથી વધારે ઉંમરનાં હશો તો તમને કદાચ ગેરંટી ક્રેડિટ અથવા સેવિંગ્સ ક્રેડિટ (અથવા બંને) મળી શકે.

જો તમને પેન્શન ક્રેડિટ મળતી હોય, તો તમારે અમને ફક્ત અમુક જ ફેરફારોની જાણ કરવાની જરૂર છે. આના વિશે અમે આગળ સમજાવીશું.

## ટેક્સ ક્રેડિટો એટલે શું?

ટેક્સ ક્રેડિટો એચ.એમ. રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ વિભાગ દ્વારા ચૂકવવામાં આવે છે અને તેનાથી તમારી આવકમાં પણ ઉમેરો કરી શકાય છે.  જો તમને બાળકો હોય અથવા કામ કરતાં હો અને તમારી આવક ઓછી હોય (અથવા બંને હોય) તો તમને કદાચ ટેક્સ ક્રેડિટ મળી શકે. જો તમે 50 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હો અને કામ કરતાં હો અથવા અસમર્થ હો અને કામ કરતાં હો (અથવા બંને હોય) તો તમને વધારાની ટેક્સ ક્રેડિટો મળી શકે. તમે એચ.એમ. રેવન્યૂ એન્ડ કસ્ટમ્સની આ વેબસાઈટ www.hmrc.gov.uk પરથી અથવા તેમને 0845 3003900 પર ફોન કરીને ટેક્સ ક્રેડિટનો ક્લેઈમ કરી શકો છો. એચ.એમ. રેવન્યૂ એન્ડ કસ્ટમ્સની વેબસાઈટ પર આપેલા ઓનલાઈન કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરીને તમે જોઈ શકો છો કે તમને ટેક્સ ક્રેડિટ મળી શકશે કે નહિ.

## જો મને પેન્શન ક્રેડિટ મળતી હોય તો મારે હાઉસિંગ બેનિફિટ કે કાઉન્સિલ ટેક્સ બેનિફિટ (અથવા બંને)નો ક્લેઈમ કેવી રીતે કરવો?

પેન્શન ક્રેડિટની ચૂકવણી ધ પેન્શન સર્વિસ દ્વારા કરવામાં આવે છે, પરંતુ હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ તમારી લોકલ ઓથોરિટી ચૂકવે છે.

તમે પેન્શન ક્રેડિટનો ક્લેઈમ કરો ત્યારે તમને કદાચ હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટનું ક્લેઈમ ફોર્મ આપવામાં આવશે. તમારે આ ફોર્મ ભરીને પેન્શન સર્વિસને પાછું મોકલવાનું રહેશે, અને તેઓ તે ફોર્મ તમારી સ્થાનિક કાઉન્સિલને મોકલી આપશે.

જો તમે પેન્શન સર્વિસ મારફતે ક્લેઈમ ન કર્યો હોય, તો તમારે એક એપ્લિકેશન ફોર્મ ભરીને તમારી સ્થાનિક કાઉન્સિલને પાછું મોકલાવવાનું રહેશે.

તમે તમારું હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટનું ક્લેઈમ ફોર્મ પાછું મોકલ્યા પછીના એક મહિનાની અંદર જો તમને તેનો કોઈ જવાબ ન મળે, તો કૃપા કરીને તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

## જો મને પેન્શન ક્રેડિટ ન મળતી હોય તો મારે હાઉસિંગ બેનિફિટ અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટ (અથવા બંને)નો ક્લેઈમ કેવી રીતે કરવો?

તમારે એક ક્લેઈમ ફોર્મ ભરીને સીધા જ તમારી સ્થાનિક કાઉન્સિલ પાસેથી હાઉસિંગ બેનિફિટ અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટ (અથવા બંને)નો ક્લેઈમ કરવાનો રહેશે. તમારી સ્થાનિક કાઉન્સિલ પાસેથી તમે ફોર્મ માગી શકો છો - તેમના સંપર્કની વિગતો આ પત્રિકાની પાછળ આપેલી છે. આમાં મોડું કરવાથી તમે કદાચ બેનિફિટ ગુમાવી શકો.

એક વાર તે ફોર્મ ભરી લીધા પછી, બને તેટલી જલદી તે તમારી સ્થાનિક કાઉન્સિલને પાછું મોકલી આપો.

## મારે સેકન્ડ એડલ્ટ રીબેટનો ક્લેઈમ કેવી રીતે કરવો?

તમે ફક્ત સીધા અમારી પાસેથી જ સેકન્ડ એડલ્ટ રીબેટનો ક્લેઈમ કરી શકો છો. તમારી સ્થાનિક કાઉન્સિલ પાસેથી તમે તેનું ફોર્મ મેળવી શકો છો.

એક વાર તે ફોર્મ ભરી લીધા પછી, બને તેટલી જલદી તે તમારી સ્થાનિક કાઉન્સિલને પાછું મોકલી આપો.

## મને કેટલો સેકન્ડ એડલ્ટ રીબેટ મળશે?

કોઈ પણ ડિસ્કાઉન્ટો વગેરે કાપતાં પહેલાંના તમારા આખા કાઉન્સિલ ટેક્સના બિલના વધુમાં વધુ 25% સેકન્ડ એડલ્ટ રીબેટ તમને મળી શકે. પરંતુ, જો કુટુંબમાં કોઈ વિદ્યાર્થી રહેતાં હોય, તો અમુક સંજોગોમાં તમને કદાચ 100% રીબેટ મળી શકે. આ રકમનો આધાર તમારા ઘરમાં રહેતી બીજી પુખ્ત વ્યક્તિ કે વ્યક્તિઓની કુલ અઠવાડિક આવક ઉપર રહેલો છે.

## મને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ અને સેકન્ડ એડલ્ટ રીબેટ બંને મળી શકે?

તમે જ્યારે એપ્લિકેશન ફોર્મ ભરશો ત્યારે અમે આકારણી કરીશું કે તમે કાઉન્સિલ ટેક્સ બેનિફિટ અને/અથવા સેકન્ડ એડલ્ટ રીબેટ માટે લાયક બનો છો કે નહિ અને બેમાંથી જે રકમ વધારે હશે તે તમને આપીશું.

## મારા બેનિફિટની ગણતરી કરવા માટે તમને કઈ માહિતીની જરૂર પડે છે?

તમે જ્યારે હાઉસિંગ બેનિફિટ અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટ ક્લેઈમ કરશો ત્યારે અમારે નીચેની બાબતો જાણવાની જરૂર પડશેઃ

- તમારી આવક અને બચતો, સિવાય કે તમે પેન્શન ક્રેડિટ મેળવતાં હો;
- તમારા કૌટુંબિક સંજોગો, તમારી સાથે કોણ રહે છે તેની વિગતો સહિત; અને
- તમારું ભાડું, પરંતુ જો તમે હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી રહ્યાં હો તો જ.

## આવક એટલે શું?

જો તમને પેન્શન ક્રેડિટ, ગેરંટી ક્રેડિટ અથવા સેવિંગ્સ ક્રેડિટ (અથવા બંને) મળતી હોય, તો અમને તમારી આવક વિશેની કોઈ વિગતો કે પુરાવાની જરૂર નહિ પડે. બીજા બધા માટે, તમારી કે તમારા પાર્ટનરની કેટલી આવક છે તે અમારે જાણવું પડશે. તમે જ્યારે ક્લેઈમ કરશો ત્યારે તમારે તમારી બધી જ આવકના પુરાવા આપવા જરૂરી રહેશે.

### આવકના પ્રકાર

- તમારું સ્ટેટ રીટાયરમેન્ટ (નિવૃત્તિ માટેનું સરકારી) પેન્શન;
- તમારા કે તમારા પાર્ટનરના અગાઉના એમ્પ્લોયર તરફથી મળતું કોઈ પેન્શન;
- એન્યુઈટિ (વર્ષાસનો);
- વર્કિંગ ટેક્સ ક્રેડિટ અને ઈનકેપેસિટી બેનિફિટ જેવા બીજા કોઈ સ્ટેટ (સરકારી) બેનિફિટો;
- કોઈ લોજરો કે પેટા ભાડૂતો દ્વારા તમને ચૂકવવામાં આવતું ભાડું; અને
- નોકરી કે રોજગારમાંથી થતી આવક, પગાર કે કમાણી. અમારે તમારી છેલ્લી પાંચ અઠવાડિયાંની અથવા બે મહિનાની પગાર સ્લિપો જોવાની જરૂર પડશે. જો તમારી પાસે કોઈ પગાર સ્લિપો ન હોય તો ચિંતા ન કરશો. તમારી સ્થાનિક કાઉન્સિલની ઓફિસમાંથી મળી શકતું એક ફોર્મ ભરવા માટે તમે તમારા એમ્પ્લોયરને કહી શકો છો.

ક્લેઈમ ફોર્મમાં, તમને મળતી બધી જ આવકોની વિગતો પૂછવામાં આવી હોય છે. અમે જ્યારે તમારા બેનિફિટની ગણતરી કરીએ છીએ ત્યારે અમે ટેક્સ અને નેશનલ ઈન્શ્યોરન્સ અને તમે પેન્શન માટે કોઈ પૈસા ભરતાં હો તે કપાયા પછીની કુલ આવકનો ઉપયોગ કરીએ છીએ. સેકન્ડ એડલ્ટ રીબેટ માટે, અમારે તમારે ત્યાંની બીજી પુખ્ત વ્યક્તિ કે વ્યક્તિઓની 'કુલ' અઠવાડિક આવક જાણવી જરૂરી છે - એટલે કે ટેક્સ અને નેશનલ ઈન્શ્યોરન્સ વગેરે કપાતાં પહેલાંનો તેમનો તેમનો કુલ પગાર.

## બચત એટલે શું?

જો તમને પેન્શન ક્રેડિટ, ગેરંટી ક્રેડિટ અથવા સેવિંગ્સ ક્રેડિટ (અથવા બંને) મળતી હોય, તો અમને તમારી બચત વિશેની કોઈ વિગતો કે પુરાવાની જરૂર નહિ પડે. બીજા બધા માટે, તમારી કે તમારા પાર્ટનર પાસે કેટલી બચત છે તે અમારે જાણવું પડશે. તમે જ્યારે ક્લેઈમ કરશો ત્યારે તમારે તમારી બધી જ બચતના પુરાવા આપવા જરૂરી રહેશે.

તેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- બેન્ક અકાઉન્ટો (બધા જ પ્રકારના), બિલ્ડિંગ સોસાઈટી અકાઉન્ટો અને પોસ્ટ ઓફિસમાં કરેલી બચતો;
- પેપ્સ, ટેસાઝ અને આઈસાઝ;
- સ્ટોક, શેર અને યૂનિટ ટ્રસ્ટો;
- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટો;
- રોકડ રકમ;
- તમારી માલિકીની મિલકત કે જમીન (પણ તમે જેમાં રહેતાં હો તે ઘર નહિ).

જો તમે અથવા તમારા પાર્ટનર 60 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હશો, તો અમે £10,000 સુધીની તમારી કોઈ પણ બચત કે રોકાણોને ધ્યાનમાં લઈશું નહિ. જો તમારી પાસે £10,000 કરતાં વધારે પૈસા હશે, તો અમે £10,000થી ઉપરના દર £500 દીઠ અથવા £500ના હિસ્સા દીઠ અઠવાડિયાનો £1 તમારી આવકમાં ઉમેરીશું. એટલે કે જો તમારી પાસે £11600 હશે તો અમે અઠવાડિયાના £4 તમારી વધારાની આવક તરીકે ગણીશું. જો તમારી પાસે £16,000 કરતાં વધારે બચત કે રોકાણો (અથવા બંને) હોય તો તમને બેનિફિટ મળી શકે નહિ.

જો તમને ગેરંટી ક્રેડિટ મળતી હોય, તો તમારી પાસે £16,000 કરતાં વધારે બચત હશે તો પણ તમને આપમેળે જ પૂરેપૂરો હાઉસિંગ બેનિફિટ કે કાઉન્સિલ ટેક્સ બેનિફિટ (અથવા બંને) મળશે.

જો તમને ગેરંટી ક્રેડિટ ન મળતી હોય, અને તમારી પાસે £16,000 કરતાં વધારે બચત હોય તો સામાન્ય રીતે તમે હાઉસિંગ બેનિફિટ કે કાઉન્સિલ ટેક્સ બેનિફિટ મેળવવા માટે હકદાર નહિ બનો. પરંતુ આના લીધે તમને સેકન્ડ એડલ્ટ રીબેટનો ક્લેઈમ કરતાં રોકી શકાય નહિ.

જો તમે સેકન્ડ એડલ્ટ રીબેટ ક્લેઈમ કરી રહ્યાં હશો, તો તમારે ત્યાંની બીજી પુખ્ત વ્યક્તિ કે વ્યક્તિઓની બચત ઉપર તેમને મળતા વ્યાજની રકમ જ અમે ધ્યાનમાં લઈશું.

## તમારી સાથે રહેતાં બીજાં લોકોનું શું?

તમારા બેનિફિટની ગણતરી કરવા માટે, તમારી સાથે બીજું કોણ રહે છે તે અમારે જાણવું જરૂરી છે.

જો તમને બાળક હોય જેના માટે તમને ચાઈલ્ડ બેનિફિટ ન મળતો હોય, અથવા તમારી સાથે બીજાં પુખ્ત લોકો રહેતાં હોય, તો તમને કદાચ ઓછો હાઉસિંગ બેનિફિટ કે કાઉન્સિલ ટેક્સ બેનિફિટ (અથવા બંને) મળી શકે. અમારે એવું માની જ લેવું પડે છે કે તેઓ પણ તમારું ભાડું અને કાઉન્સિલ ટેક્સ ચૂકવવામાં ફાળો આપતાં હશે, પછી ભલે તેઓ ન આપતાં હોય તો પણ. 'જો મારી સાથે બીજાં લોકો રહેતાં હોય તો શું મને ઓછો બેનિફિટ મળશે?' શીર્ષક હેઠળના વિભાગમાં વધારે વિગતો આપવામાં આવી છે.

## જો મારા પાર્ટનર હોય તો શું અમારે બંનેએ ક્લેઈમ ફોર્મ ભરવું પડશે?

ના. તમારે ફક્ત એક જ ક્લેઈમ ફોર્મ ભરવાનું રહેશે, પણ તેમાં તમારે બંનેએ સહી કરવી જોઈએ.

## જો મારા પાર્ટનર કામ કરતાં હોય અને હું નહિ, તો શું હું મારા પોતાના માટે ક્લેઈમ કરી શકું?

ના, તમે જ્યારે બેનિફિટનો ક્લેઈમ કરશો ત્યારે અમારે તમારા પાર્ટનર વિશે પણ જાણવાનું જરૂરી રહેશે. અમે તમારી સંયુક્ત આવકનો ઉપયોગ કરીને તમારા બેનિફિટની ગણતરી કરીએ છીએ.

## મારા હાઉસિંગ બેનિફિટમાં કેટલું ભાડું ચૂકવવામાં આવશે?

જો તમારા ભાડામાં સેવાઓ માટેના ચાર્જીસ ઉમેરેલા હશે, તો અમે તમારા હાઉસિંગ બેનિફિટની ગણતરી કરીએ તે પહેલાં તે સેવાઓનો ખર્ચ અમારે તમારા ભાડામાંથી બાદ કરી દેવો પડશે.

અમે એ પણ તપાસીશું કે તમારું ભાડું બહુ વધારે પડતું ન હોય. જો તેમ હશે, તો અમે ભાડાની ઓછી રકમ અનુસાર તમારા બેનિફિટની ગણતરી કરીશું. અમુક કિસ્સાઓમાં, જો તમારું ઘર તમારા અને તમારા કુટુંબ માટે બહુ વધારે પડતું મોટું હશે, તો અમારે ભાડું ઘટાડવું જ પડશે.

## મારું ભાડું બહુ વધારે પડતું છે કે નહિ તે તમે કેવી રીતે નક્કી કરો છો?

તમને કેટલી રકમ હાઉસિંગ બેનિફિટ મળી શકે તેના ઉપર રેન્ટ સર્વિસ મર્યાદા નક્કી કરે છે. તેનો આધાર તમારે કેટલું ભાડું ચૂકવવું પડે છે તેના પર નહિ હોય. તમને વધુમાં વધુ કેટલો હાઉસિંગ બેનિફિટ મળી શકે તે તમે જે વિસ્તારમાં રહેતાં હશો તે આખાયે વિસ્તારમાં આવેલાં તમારા જેટલા કદના દરેક કુટુંબ માટે એક સરખો હશે, પછી ભલે તમારે અને તે બીજાં કુટુંબોએ ગમે તેટલું ભાડું ચૂકવવું પડતું હોય.

રેન્ટ સર્વિસ અમારાથી સ્વતંત્ર છે.

## હું નવા ઘરમાં રહેવા જાઉં તે પહેલાં મને ખબર પડી શકે કે મારા હાઉસિંગ બેનિફિટની ગણતરી કરવા માટે કેટલા ભાડાનો ઉપયોગ કરવામાં આવશે?

હા. તમે જે વિસ્તારમાં રહેતાં હશો ત્યાં તમને કેટલા રૂમોની જરૂરત છે તેના માટે લોકલ હાઉસિંગ અલાવન્સ (એલ.એચ.એ.)નો દર કેટલો થાય છે તેના આધારે તમારા હાઉસિંગ બેનિફિટની ગણતરી કરીશું. રેન્ટ સર્વિસ દર મહિને એલ.એચ.એ.ના નવા દરો જાહેર કરશે. વધારે માહિતી માટે 'લોકલ હાઉસિંગ અલાવન્સ વિશેની માર્ગદર્શિકા' જુઓ.

જે ટેનન્સીઓને લોકલ હાઉસિંગ અલાવન્સની અસર થતી **નથી**, તેના માટે તમે ભાડે લેવાનું નક્કી કરો તે **પહેલાં** અમે તમારા હાઉસિંગ બેનિફિટની ગણતરી કરવા માટે કેટલા ભાડાની રકમનો ઉપયોગ કરીશું તે તમે જાણી શકો છો. આ તમે પ્રી-ટેનન્સી ડીટરમિનેશન' (પી.ટી.ડી.) ફોર્મ ભરીને કરી શકો છો જે અમારી પાસેથી મેળવી શકાશે. અમારા સંપર્કની વિગતો તમારા કાઉન્સિલ ટેક્સના બિલ પર અથવા તમારી સ્થાનિક ફોન બુકમાંથી મળી શકશે.

પ્રી-ટેનન્સી ડીટરમિનેશનનો અર્થ એવો નથી કે તમને ચોક્કસ હાઉસિંગ બેનિફિટ મળશે જ. તમારે હજુ પણ ક્લેઈમ ફોર્મ ભરવું જ પડશે અને અમને જોઈતા બધા જ પુરાવા બતાવવાના રહેશે.

## હાઉસિંગ બેનિફિટમાં કયા ચાર્જીસ આવરી લેવામાં આવતા નથી?

- **ગેસ અને ઈલેક્ટ્રિસિટીના ચાર્જીસ**

હાઉસિંગ બેનિફિટમાં હીટિંગ, લાઈટો, ગરમ પાણી કે રસોઈના ચાર્જીસ ચૂકવવામાં આવતા નથી. જો આ માટેના ચાર્જીસ તમારા ભાડામાં ઉમેરેલા હોય, તો અમે તમારા બેનિફિટની ગણતરી કરીએ તે પહેલાં તમારા ભાડામાંથી આ દરેક સેવા માટેના કેટલા પૈસા કાપી લેવા તે રેન્ટ સર્વિસ અમને જણાવશે.

- **પાણીના રેટ્સ**

પાણીના રેટ્સ માટેના કોઈ પણ ચાર્જીસ તમારા ભાડામાંથી કાપી લેવામાં આવશે.

- **સેવાઓ**

એવી કેટલીક સેવાઓ છે જેને હાઉસિંગ બેનિફિટમાં આવરી લેવામાં આવતી નથી.  આમાં ભોજન અને કપડાં ધોવાની સગવડનો સમાવેશ થાય છે. આ માટેના કોઈ પણ ચાર્જીસ તમારા ભાડામાંથી કાપી લેવામાં આવશે.

## હાઉસિંગ બેનિફિટ દ્વારા કઈ સેવાઓને આવરી લઈ શકાય છે?

જો તમારે તમારા ટેનન્સી એગ્રીમેન્ટ હેઠળ ચૂકવવા પડતા હોય તો તમારા ભાડામાં અમુક ચાર્જીસનો સમાવેશ કરી શકાય છે.

તેમાં નીચેના માટેના ચાર્જીસનો સમાવેશ થઈ શકે છેઃ

- સાર્વજનિક વિસ્તારોની જાળવણી; અને
- દાદરા અને પરસાળો જેવા સહિયારા વિસ્તારોની સફાઈ અને તેની લાઈટો.

## મારા ભાડામાં હું કાઉન્સિલ ટેક્સ પણ ભરતો/ભરતી હોઉં તો?

જો તમારા ભાડામાં કાઉન્સિલ ટેક્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોય, તો તમારા હાઉસિંગ બેનિફિટની ગણતરી કરતી વખતે અમે તેને તમારા ભાડાના જ ભાગ તરીકે ગણીશું.

## મને કેટલો હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ મળશે?

જો તમને ગેરંટી ક્રેડિટ મળતી હોય, તો સામાન્ય રીતે તમને વધુમાં વધુ બેનિફિટ મળશે. આ તમારું બધું જ વધુમાં વધુ ભાડાનું પ્રમાણ અને તમારો બધો જ કાઉન્સિલ ટેક્સ, કોઈ બિન-નિર્ભર લોકો માટેના ચાર્જીસ બાદ કરતાં હોય છે (‘જો મારી સાથે બીજાં લોકો રહેતાં હોય તો શું મને ઓછો બેનિફિટ મળશે?’ જુઓ).

જો તમને ગેરંટી ક્રેડિટ ન મળતી હોય, તો તમને બેનિફિટની કેટલી રકમ મળશે તેનો આધાર તમારા કુટુંબના કદ (તમે, તમારા પાર્ટનર અને કોઈ બાળકો)અને તમારી આવક ઉપર રહેલો હશે. જો તમે અથવા તમારા કોઈ કુટુંબીજન અસમર્થ હો, તો તમને કદાચ વધારે બેનિફિટ મળી શકે.

તમારું કુટુંબ કેટલું મોટું કે નાનું છે તેની અસર તમારા ક્લેઈમની ‘લાગુ પડતી રકમ’ ઉપર પડશે, આ રકમ સરકાર નક્કી કરે છે. લાગુ પડતી રકમ ઓછામાં ઓછી એ રકમ છે જે સરકારના માનવા મુજબ તમારે જીવન જીવવા માટે જરૂરી છે.

**લાગુ પડતી રકમનાં કેટલાંક ઉદાહરણો અહીં આપેલાં છે.**

- જો તમે એકલાં (સિંગલ) અને  60 થી 64 વર્ષની ઉંમરનાં હો તો તમારી લાગુ પડતી રકમ છે  £132.60
  જો તમે એકલાં (સિંગલ) અને  ઓછામાં ઓછાં 65 વર્ષની ઉંમરનાં હો તો તમારી લાગુ પડતી રકમ છે  £153.15
- જો તમે દંપતિ (કપલ) હો 60 થી 64 વર્ષની ઉંમરનાં હો તો તમારી લાગુ પડતી રકમ છે £202.40
  જો તમે દંપતિ (કપલ) હો અને બેમાંથી એક અથવા બંને ઓછામાં ઓછાં 65 વર્ષની ઉંમરનાં હો તો તમારી લાગુ પડતી રકમ છે £229.50

આ રકમ કદાચ વધારે હોઈ શકે, જોઃ

- તમે અથવા તમારા પાર્ટનર અસમર્થ હો;
- તમે કોઈ અસમર્થ મિત્ર કે સગાની સંભાળ રાખતાં હો; અથવા
- તમારા ઉપર બાળકોની જવાબદારી હોય.

### ઉદાહરણો

- તમે 74 વર્ષનાં પેન્શનર હો અને એકલાં રહેતાં હો.
  તમારી લાગુ પડતી રકમ છે £153.15
- તમે દંપતિ હો - તમારામાંથી એક 63 વર્ષ અને એક 68 વર્ષનું હોય.
  તમારી લાગુ પડતી રકમ છે £229.50

## અમે આ રીતે તમારા બેનિફિટની ગણતરી કરીએ છીએઃ

- જો તમારી અઠવાડિયાની ચોખ્ખી આવક (ટેક્સ અને નેશનલ ઈન્શ્યોરન્સ બાદ કરતાં), તમારી લાગુ પડતી રકમ કરતાં વધારે નહિ હોય, તો તમને વધુમાં વધુ બેનિફિટ મળશે. આ તમારા વધુમાં વધુ ભાડાનું બધું જ પ્રમાણ અને કોઈ ડિસ્કાઉન્ટો કે મુક્તિઓ બાદ કરીને રહેતો બધો જ કાઉન્સિલ ટેક્સ હશે.

- જો તમારી અઠવાડિયાની ચોખ્ખી આવક તમારી લાગુ પડતી રકમ કરતાં વધારે હશે, તો તમારી આવક કેટલી વધારે છે તેના આધારે તમને ઓછો બેનિફિટ મળશે.
- જો તમારા ઘરમાં બીજાં કોઈ પુખ્ત વયનાં લોકો રહેતાં હોય તો તમે વધુમાં વધુ કેટલો હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ મેળવવા માટે હકદાર છો તે રકમમાં ઘટાડો કરવામાં આવી શકે.

## તમને દર અઠવાડિયે કેટલો બેનિફિટ મળી શકે

તમને કેટલો બેનિફિટ મળી શકે તેનું હવે પછીના પાને આપેલા ચાર્ટમાં ફક્ત માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તમને કોઈ બેનિફિટ મળશે કે નહિ તેની તમને ચોક્કસ ખબર ન હોય, તો તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો અથવા ક્લેઈમ કરો. જો ચાર્ટમાં તમારા સંજોગો ન આપવામાં આવ્યા હોય, તો કૃપા કરીને તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો. નીચે આપેલી નોંધથી તમને ચાર્ટ સમજવામાં મદદ મળશે. તમારી ઉંમર અનુસાર તમે સાચા ચાર્ટનો ઉપયોગ કરો છો તેની ચોક્સાઈ રાખો.

**1** ચાર્ટની બાજુએ આપેલી આવકની ઊભી લીટીમાંથી તમારી આવક ક્યાં છે તે શોધો. અઠવાડિક આવક એટલે ટેક્સ અને નેશનલ ઈન્શ્યોરન્સ કપાયા પછી તમારા હાથમાં આવતી આવક. આવકની રકમમાં બધા જ પ્રકારની આવક સમાવવામાં આવી છે, દાખલા તરીકે, પગાર, ભરણપોષણની ચૂકવણીઓ, બેનિફિટો અને બચતો. તમારા બેનિફિટને અસર થાય તે પહેલાં તમે અમુક ચોક્કસ રકમ સુધીની આવક મેળવી શકો છો. તમે કેટલી રકમ કમાઈ શકો છો તેને ‘અવગણવામાં’ આવે છે. નીચેનાં ઉદાહરણોમાં બતાવેલું છે કે તમારા બેનિફિટને અસર થાય તે પહેલાં તમે કેટલી રકમ કમાઈ શકો છો.

- જો તમે એકલી (સિંગલ) વ્યક્તિ હો તો તમારા પગારના પહેલા £5 અવગણવામાં આવે છે.
- જો તમે દંપતિ (કપલ) હો તો તમારા પગારના પહેલા £10 અવગણવામાં આવે છે.
- જો તમારા પર કોઈ  બાળકની જવાબદારી હોય અને તમને તેનું ધ્યાન રાખવા માટે ચાઈલ્ડ બેનિફિટ મળતો હોય, તો તે બેનિફિટની આખી રકમને અમે ગણતરીમાં લેતાં નથી
- જો તમને ડિસેબિલિટી લિવિંગ અલાવન્સ અથવા એટેન્ડન્સ અલાવન્સ મળતો હોય તો આ બેનિફિટોની પૂરેપૂરી રકમ અવગણવામાં આવે છે.
- જો તમે કોઈ બાળક માટે જવાબદાર હો અને તમને તેમનું ધ્યાન રાખવા માટે ચાઈલ્ડ બેનિફિટ અથવા ચાઈલ્ડ ટેક્સ ક્રેડિટ મળતો હોય અને તમે અઠવાડિયાના 30 કલાક કે તેથી વધારે સમય માટે (અમુક સંજોગોમાં 16 કલાકથી વધુ સમય) કામ કરતાં હો, તો અમે તમારી આવકમાંથી £17.10 અવગણીશું.

તમારા કિસ્સામાં ‘અવગણના’ લાગુ છે કે નહિ તેની તમને ખબર ન હોય તો સલાહ માટે કૃપા કરીને તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

**2** ચાર્ટના નીચેના ભાગમાં આડી લીટીમાં લખેલા ભાડા કે કાઉન્સિલ ટેક્સમાં તમારું ભાડું કે કાઉન્સિલ ટેક્સ કેટલા છે તે શોધો. જો તમે કોઈ ખાનગી મકાનમાલિકને ભાડું ચૂકવતાં હો તો હાઉસિંગ બેનિફિટ કદાચ અમુક સ્તર સુધી મર્યાદિત કરવામાં આવી શકે જે મકાનમાલિક દ્વારા લેવામાં આવતી રકમ કરતાં ઓછી હોઈ શકે (‘મારા હાઉસિંગ બેનિફિટમાં કેટલું ભાડું ચૂકવવામાં આવશે?’ જુઓ). વધારે સલાહ માટે કૃપા કરીને તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો.

**3** ચાર્ટની અંદરના ભાગમાં ઊભી અને આડી  લીટીઓ વાંચો.

**4** જો તમે હાઉસિંગ બેનિફિટ ચાર્ટની અંદરના છાયાવાળા વિભાગમાં આવતાં હો, તો તમને કદાચ હાઉસિંગ બેનિફિટ મળી શકે. જો તમે કાઉન્સિલ ટેક્સ બેનિફિટ ચાર્ટની અંદરના છાયાવાળા વિભાગમાં આવતાં હો, તો તમને કદાચ કાઉન્સિલ ટેક્સ બેનિફિટ મળી શકે. જો તમે છાયાવાળા વિભાગની બહાર આવતાં હો તો તમને બેનિફિટ મળશે એવી શક્યતાઓ ઓછી છે. પરંતુ, જો તમે કે તમારા પાર્ટનર અસમર્થ હો, તો તમને બેનિફિટ મળવાની શક્યતાઓ વધારે છે, આથી તમારે ક્લેઈમ કરવો જોઈએ.



## Council Tax Benefit chart for single people aged 60 to 64




## Housing Benefit chart for single people aged 65 and over




## Council Tax Benefit chart for single people aged 65 and over




## Housing Benefit chart for couples aged 60 to 64












## જો મારી સાથે બીજાં લોકો રહેતાં હોય તો શું મને ઓછો બેનિફિટ મળશે?

તમને મોટાં બાળકો હશે જેમના માટે તમને ચાઈલ્ડ બેનિફિટ ન મળતો હોય, અથવા તમારી સાથે બીજાં પુખ્ત વયનાં લોકો રહેતાં હોય જેઓ ભાડું ન ચૂકવતાં હોય, તો અમે તમારો હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ ઘટાડી દઈશું. આ લોકોને બિન-નિર્ભર લોકો કહેવામાં આવે છે.

અમે સામાન્ય રીતે તમારા હાઉસિંગ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટમાંથી અમુક ચોક્કસ કરેલી રકમ કાપી લઈશું. બિન-નિર્ભર લોકો કેટલા પૈસા ચૂકવે છે તેના પર આ કપાતો આધારિત હોતી નથી, પછી ભલે તેઓ કોઈ પૈસા ચૂકવતાં ન હોય.

પરંતુ, એવા કેટલાક ચોક્કસ સંજોગો છે જ્યારે અમે તમારા બેનિફિટમાંથી કોઈ રકમ લઈશું નહિ. આમાં જો તમને અને તમારા પાર્ટનરને નીચેનામાંથી કશું મળતું હોય તો તેનો સમાવેશ થાય છે:

- અટેન્ડન્સ અલાવન્સ;
- ડિસેબિલિટી લિવિંગ અલાવન્સ (કેર કોમ્પોનન્ટ); અથવા
- જો તમે નોંધાયેલાં અંધ હો.

તે ઉપરાંત એવા કેટલાક સંજોગો હોઈ શકે જે હેઠળ બિન-નિર્ભર વ્યક્તિ માટેનો ચાર્જ પહેલાં 26 અઠવાડિયાં માટે કદાચ ન લેવામાં આવે, દા.ત. જો ક્લેઈમ કરનાર અથવા તેમના પાર્ટનર 65 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હોય અને કોઈ બિન-નિર્ભર વ્યક્તિ મકાનમાં રહેવા આવે.

**એપ્રિલ 2010થી, બિન-નિર્ભર વ્યક્તિ માટે હાઉસિંગ બેનિફિટમાંથી દર અઠવાડિયે કાપવામાં આવતા પૈસા નીચે મુજબ છે.**

જો બિન-નિર્ભર વ્યક્તિ અઠવાડિયાના 16 કે તેથી વધારે કલાકો માટે કામ કરતી હોય તો આ ચાર્જીસ લેવામાં આવે છે, અને તે તેમની કુલ આવક (એટલે કે ટેક્સ અને નેશનલ ઈન્શ્યોરન્સ કપાતાં પહેલાં) ઉપર આધારિત છે.

| **બિન-નિર્ભર વ્યક્તિની અઠવાડિયાની કુલ આવક** | **કપાત** |
|---|---|
| £120 કરતાં ઓછી | £7.40 |
| £120 થી £177.99 | £17.00 |
| £178 થી £230.99 | £23.35 |
| £231 થી £305.99 | £38.20 |
| £306 થી £381.99 | £43.50 |
| £382 કે તેથી વધુ | £47.75 |

25 વર્ષથી વધારે ઉંમરનાં અને આવકને લગતો એમ્પ્લોયમેન્ટ એન્ડ સપોર્ટ અલાવન્સ, ઈન્કમ સપોર્ટ, આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ અથવા પેન્શન ક્રેડિટ મેળવતાં હોય અથવા18 વર્ષથી વધારે ઉંમરનાં હોય અને કામ નહિ કરતાં હોય તો અમે £7.40 કાપી લઈશું.

25 વર્ષથી ઓછી ઉંમરનાં અને આવકને લગતો એમ્પ્લોયમેન્ટ એન્ડ સપોર્ટ અલાવન્સ, ઈન્કમ સપોર્ટ, આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ, મેળવતાં હોય અથવા તેઓ 18 વર્ષથી ઓછી ઉંમરનાં કે ફૂલ ટાઈમ વિદ્યાર્થી હોય તો અમે તમારો કોઈ બેનિફિટ કાપીશું નહિ.

**એપ્રિલ 2010થી, બિન-નિર્ભર વ્યક્તિ માટે કાઉન્સિલ ટેક્સ બેનિફિટમાંથી દર અઠવાડિયે કાપવામાં આવતા પૈસા નીચે મુજબ છે.**

જો બિન-નિર્ભર વ્યક્તિ અઠવાડિયાના 16 કે તેથી વધારે કલાકો માટે કામ કરતી હોય તો આ ચાર્જીસ લેવામાં આવે છે, અને તે તેમની કુલ આવક (એટલે કે ટેક્સ અને નેશનલ ઈન્શ્યોરન્સ કપાતાં પહેલાં) ઉપર આધારિત છે.

| **બિન-નિર્ભર વ્યક્તિની અઠવાડિયાની કુલ આવક** | **કપાત** |
|---|---|
| £178 થી ઓછી | £2.30 |
| £178 થી £305.99 | £4.60 |
| £306 થી £381.99 | £5.80 |
| £382 કે તેથી વધુ | £6.95 |
| | |
| 18 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં બીજાં લોકો | £2.30 |

જો બિન-નિર્ભર વ્યક્તિને પેન્શન ક્રેડિટ, ઈન્કમ સપોર્ટ, આવકને લગતો એમ્પ્લોયમેન્ટ એન્ડ સપોર્ટ અલાવન્સ,  અથવા આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ મેળતું હશે તો અમે તમારા બેનિફિટમાંથી કશું કાપીશું નહિ.

### મારો બેનિફિટ કેવી રીતે ચૂકવવામાં આવશે?

- **કાઉન્સિલ ટેક્સ**
  કાઉન્સિલ ટેક્સ બેનિફિટ તમારા કાઉન્સિલ ટેક્સ બિલમાંથી કાપી લેવામાં આવશે.

- **સેકન્ડ એડલ્ટ રીબેટ**
  સેકન્ડ એડલ્ટ રીબેટ તમારા કાઉન્સિલ ટેક્સ બિલમાંથી કાપી લેવામાં આવશે.

- **હાઉસિંગ બેનિફિટ**
  જો તમે કાઉન્સિલનાં ભાડૂત હો, તો અમે તમારો બેનિફિટ તમારા રેન્ટ અકાઉન્ટમાં ચૂકવી આપીશું. જો તમે ખાનગી ભાડૂત હશો, તો અમે તમારા બેન્ક અકાઉન્ટમાં પૈસા જમા કરીશું.

### મારો બેનિફિટ ક્યારથી શરૂ થશે?

જો તમે હાઉસિંગ બેનિફિટ કે કાઉન્સિલ ટેક્સ બેનિફિટ (અથવા બંને) ક્લેઈમ કરતાં હો તો તમે ક્લેઈમ કર્યાની તારીખના 3 મહિના પહેલાંના સમય સુધી તમારો ક્લેઈમ ચૂકવી શકાય છે. જો તમે તે સમય માટે ભાડું અને કાઉન્સિલ ટેક્સ ચૂકવવા માટે જવાબદાર રહેલાં હો અને ક્લેઈમ કરવા માટે લાયક હો તો જ આ કરી શકાય છે. જો આવું હોય તો અમે કદાચ તમને પત્ર લખીને વધારે વિગતો મંગાવીશું.

જો તમને કોઈ શંકા હોય, તો તમારું ક્લેઈમ ફોર્મ તરત જ તમારી સ્થાનિક કાઉન્સિલને મોકલી આપો, તમે સહાયક દસ્તાવેજો (તમારા ક્લેઈમ પર કાર્યવાહી કરવા માટે અમને જોઈતી માહિતી, જેમ કે બેન્કના સ્ટેટમેન્ટો, ભાડાનો પુરાવો કે પગાર સ્લિપો)ની રાહ જોઈ રહ્યાં હો તો પણ. જો નહિ મોકલો તો, તમે તમારો બેનિફિટ ગુમાવશો. જો તમે તમારી પેન્શન ક્રેડિટ વિશેના નિર્ણયની રાહ જોઈ રહ્યાં હો તો પણ તમારે તમારું ક્લેઈમ ફોર્મ તમારી સ્થાનિક કાઉન્સિલને મોકલી આપવું જોઈએ.

## મારો બેનિફિટ ક્યાં સુધી ચાલશે?

અમે અનિશ્ચિત મુદત સુધી તમારો બેનિફિટ ચૂકવવાનું ચાલુ રાખીશું, સિવાય કે તમે બેનિફિટ મેળવવા માટે હકદાર ન રહો અથવા તમારા સંજોગો બદલાય. જ્યારે આવું થાય ત્યારે અમે બેનિફિટ મેળવવાની તમારી હકપાત્રતાની ફરીથી આકારણી કરીશું.

## મારા સંજોગો બદલાય તો મારે શું કરવું જોઈએ?

જો તમને પેન્શન ક્રેડિટ મળતી હોય અને જો તમારી આવક કે બચતોમાં વધારો કે ઘટાડો થાય તો તમારે પેન્શન સર્વિસને જાણ કરવાની રહેશે. તે પછી તેઓ તમારી સ્થાનિક કાઉન્સિલને જણાવશે.

જો તમને ફક્ત સેવિંગ્સ ક્રેડિટ મળતી હોય, તો જો તમારી બચતો અને રોકાણો £16,000 કરતાં વધે તો તમારે તમારી સ્થાનિક કાઉન્સિલને જાણ કરવાની જરૂરી રહેશે.

જો તમને પેન્શન ક્રેડિટ ન મળતી હોય અને તમારા સંજોગોમાં કોઈ પણ સમયે ફેરફાર થાય, તો તરત જ તમારી સ્થાનિક કાઉન્સિલને લેખિત જાણ કરો.

સંજોગો બદલાવાનાં લાક્ષણિક ઉદાહરણો આ છે:

- તમે સરનામું બદલો;
- તમારું ભાડું બદલાય;
- તમારી સાથે રહેતાં લોકોની સંખ્યા બદલાય;
- તમારા કુટુંબના કોઈ પણ સભ્યની આવકમાં ફેરફાર થાય;
- તમને પેન્શન ક્રેડિટ મળતી બંધ થાય; અથવા
- તમારી આવક કે બચતોમાં વધારો કે ઘટાડો થાય.

સંજોગોમાં ફેરફાર થવા અંગે જો તમારી સ્થાનિક કાઉન્સિલને જાણ કરવામાં મોડું કરશો તો તેના પરિણામે હાઉસિંગ બેનિફિટ અને/અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટનું ઓવરપેયમેન્ટ થઈ શકે (તમે હકદાર હો તેના કરતાં તમને વધારે પૈસા ચૂકવવામાં આવી શકે) જે તમારે પાછા આપવાના રહેશે (વધારે માહિતી માટે અમારી વેબસાઈટ www.benefit-leaflets.org પર આપેલી પત્રિકા **'હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ - ઓવરપેયમેન્ટો અને કરજ વિશેની માર્ગદર્શિકા'** જુઓ).

## મને આપવામાં આવેલા બેનિફિટની રકમ સાથે જો હું સહમત ન હોઉં તો શું કરવું?

અમે તમારા બેનિફિટની ગણતરી કેવી રીતે કરી છે તેનો જો તમે અમારી પાસેથી ખુલાસો મેળવવા માગતાં હો તો તમારે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરવો જોઈએ. તમને નિર્ણયની જાણ કરતા પત્ર ઉપરની તારીખના એક કેલેન્ડર મહિનાની અંદર તમારે આ કરવું જ જોઈએ. અમારા નિર્ણયની સમજૂતી અમે તમને શક્ય તેટલી જલદી મોકલી આપીશું.

તમને આપવામાં આવેલી બેનિફિટની રકમ સાથે જો તમે સહમત ન હો, તો નિર્ણયની જાણ કરતા પત્ર ઉપરની તારીખના એક કેલેન્ડર મહિનાની અંદર તમારે તમારી સ્થાનિક કાઉન્સિલને લખીને અમારો તે નિર્ણય ફરીથી જોવા માટે કહેવું જોઈએ. જો તમને પેન્શન ક્રેડિટ મળતી હોય અને તમારા ક્લેઈમની આકારણી કરવા માટે અમે ગણતરીમાં લીધેલી આવક સાથે સહમત ન હો, તો તેવા મોટા ભાગના કિસ્સાઓમાં તમારે પેન્શન સર્વિસનો સંપર્ક કરવાનો રહેશે.

જો તમે અમારી પાસેથી ખુલાસો માગ્યો હશે, તો તમને નિર્ણયની જાણ કરતા પત્ર ઉપરની તારીખ પછીના એક મહિના ઉપરાંત અમે તમને ખુલાસો મોકલવામાં જેટલો સમય લીધો હશે તે સમય મળશે. જો તમે આના કરતાં વધારે મોડું કરશો, તો સામાન્ય રીતે તમે જે તારીખે તમારી સ્થાનિક કાઉન્સિલને પત્ર લખ્યો હશે તે તારીખથી જ અમારો નિર્ણય બદલીશું.

તમે સ્વતંત્ર ટ્રાઈબ્યુનલને અપીલ કરી શકો છો. તે માટેનું ફોર્મ તમે તમારી સ્થાનિક કાઉન્સિલ પાસેથી માગી શકો છો - તેમના સંપર્કની વિગતો તમારા કાઉન્સિલ ટેક્સના બિલ ઉપરથી મળશે. (વધારે માહિતી માટે અમારી વેબસાઈટ www.benefit-leaflets.org પર આપેલી પત્રિકા **'તમારા હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ વિશેનો નિર્ણય ખોટો હોવાનું તમને લાગતું હોય તો શું કરવું'** જુઓ).

## મને વધારે સલાહ ક્યાંથી મળી શકે?

જો તમને વધારે મદદ કે સલાહ જોઈતાં હોય, તો તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો (તમારી સ્થાનિક કાઉન્સિલનું નામ તમને તમારા કાઉન્સિલ ટેક્સ બિલ ઉપરથી મળશે).

**ધ પેન્શન સર્વિસ**

- **ફોન દ્વારા: 0845 6060265.**
- **આ વેબસાઈટ પર જઈને: www.thepensionservice.gov.uk**

**તમે આ નંબર પર ફોન કરીને પેન્શન ક્રેડિટ માટે અરજી કરી શકો છો 0800 99 1234.**

**એચ.એમ. રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ**

- **ફોન દ્વારા: 0845 3003900.**
- **આ વેબસાઈટ પર જઈને: www.hmrc.gov.uk**

## સ્વતંત્ર સલાહ

જો તમને સ્વતંત્ર સલાહ જોઈતી હોય, તો એજ કન્સર્ન હેલ્પલાઈનનો 0800 00 99 66 પર સંપર્ક કરો. બીજી સ્થાનિક સલાહ સંસ્થાઓની વિગતો તમને તમારી ફોન બુકમાંથી, સ્થાનિક લાઈબ્રેરી અથવા તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરવાથી મળી શકશે.

## અન્ય સ્વરૂપો

આ પુસ્તિકામાં આપવામાં આવેલી માહિતી તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો સ્વરૂપે અને બીજી ભાષાઓમાં મળી શકશે. વધારે માહિતી માટે અમારી વેબસાઈટ www.benefit-leaflets.org જુઓ.

આ પત્રિકા નેશનલ લીફલેટ પ્રોજેક્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.
વધારે માહિતી માટે www.benefit-leaflets.org જુઓ.